**ક્રિમીનલ ઈન્કવાયરી નં. ૧૨૪૫/૨૦૨૫**

**<u>આંક–૦૧ લગત હુકમ</u>**

**(૧)** સદર કામે અરજદાર એકસીસ બેંક તરફથી હાલની અરજી દાખલ કરી ક્રિમીનલ ઈન્કવાયરી નંબર–૪૪૪/૨૦૨૩ નાં કામે થયેલ હુકમમાં ફેરફાર અને સ્પષ્ટતા આપવા માટે દાખલ કરેલ છે. અરજીની ટુંકી હકીકત એવી છે કે, ભીમજીભાઈ નરશીભાઈ ઢેઢી સાથે સાયબર ફ્રોડ થયેલ હોય જે રકમ પરત મેળવવા માટે ભીમજીભાઈએ અત્રેની અદાલતમાં ક્રિમીનલ ઈન્કવાયરી નંબર–૪૪૪/૨૦૨૩ થી અરજી દાખલ કરતાં સાયબર ફ્રોડની રકમ જે અલગ–અલગ બેંકનાં જુદાં–જુદાં બેંક એકાઉન્ટમાં ફ્રીઝ કરવામાં આવેલ હોય તે તમામ રકમ ભીમજીભાઈ નરશીભાઈ ઢેઢીનાં બેંક એકાઉન્ટમાં પરત જમા કરવા અંગેનો હુકમ તારીખ–૦૯/૦૯/૨૦૨૩ નાં રોજ મારા પુરોગામીશ્રી ધ્વારા કરવામાં આવેલ જે હુકમની જાણ સાયબર સેલ, ભાવનગર ધ્વારા એકસીસ બેંકનાં નોડલ ઓફીસરશ્રીને તારીખ–૨૬/૦૯/૨૦૨૩ નાં રોજ કરવામાં આવેલ પરંતુ એકસીસ બેંક ધ્વારા સાયબર ફ્રોડની રકમ સબંધિતનાં બેંક એકાઉન્ટમાં જમાં કરવામાં આવેલ નહી અને હાલની અરજી આપી જણાવવામાં આવેલ છે કે, બેંક એકાઉન્ટ નંબર–૯૧૭૦૧૦૦૮૨૧૩૧૭૯૩ છે જે એકાઉન્ટમાં બેલેન્સ રૂા.૪૨,૫૩૯.૯૫ પૈસા છે અને તે એકાઉન્ટ પર બીજા પણ લીયન છે જેથી ક્રિમીનલ ઈન્કવાયરી નંબર–૪૪૪/૨૦૨૩ નાં હુકમ મુજબ રૂા.૪૦,૦૦૦/– ચુકવી આપવા અંગે હુકમમાં ફેરફાર અને સ્પષ્ટતા આપવા હાલની અરજી કરેલ છે.

**(૨)** અરજદાર તર્ફે વિધ્વાન વકીલશ્રી જે. એસ. બાંભણીયા નાંએ પોતાની દલીલમાં જણાવેલ છે કે, બેંક એકાઉન્ટમાં બેલેન્સ રૂા.૪૨,૫૩૯.૯૫ પૈસા છે અને તે એકાઉન્ટ પર અન્ય પણ લીયન એક થી વધારે છે જેથી નામદાર કોર્ટ રૂા.૪૦,૦૦૦/– અનફ્રીઝ કરી ચુકવી આપવાનો તથા ફરીથી બીજા લીયન માટે ડેબીટ ફ્રીઝ નો હુકમ કરવા અરજ કરેલ છે.

(૩) સરકાર તર્ફે વિ.એ.પી.પી. શ્રી બી.એચ. ચુડાસમાંએ પોતાની ભારપુર્વકની રજુઆતમાં જણાવેલ છે કે, ક્રિમીનલ ઈન્કવાયરી નંબર–૪૪૪/૨૦૨૩ નાં કામે નામદાર કોર્ટ ધ્વારા હાલની અરજદાર બેંક તથા અન્ય બેંકોને સાયબર ફ્રોડની રકમ ભીમજીભાઈ નરશીભાઈ ઢેઢીનાં બેંક એકાઉન્ટમાં પરત જમા આપવા અંગે તારીખ–૦૯/૦૯/૨૦૨૩ નાં રોજ હુકમ કરવામાં આવેલ હોવા છતાં અરજદાર બેંક ધ્વારા નામદાર કોર્ટનાં હુકમનું પાલન આજદીન સુધી કરવામાં આવેલ નથી જે અરજદાર બેંકની વર્તણુંક શંકાસ્પદ જણાય છે. વધુમાં નામદાર કોર્ટ ધ્વારા રૂા.૪૦,૦૦૦/– અરજદાર બેંકને ચુકવવાનો હુકમ કરવામાં આવેલ છે જે રકમ બેંક એકાઉન્ટમાં ઉપલબ્ધ પણ છે તેમ છતાં નામદાર કોર્ટનાં હુકમને ૨૯ માસ ઉપરાંતનો સમય પસાર થઈ ગયેલ હોવા છતાં સાયબર ફ્રોડનો ભોગબનનારનાં બેંક એકાઉન્ટમાં નામદાર કોર્ટનાં હુકમ મુજબ નાંણા જમાં કરાવેલ ન હોય હાલની અરજી કોઈપણ વ્યાજબી કારણ વગર અરજદાર ધ્વારા દાખલ કરવામાં આવેલ હોય અરજદારની અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

(૪) બંન્ને પક્ષકારોની રજુઆતો ધ્યાને લીધી તથા કેશનું રેકર્ડ વંચાણે લીધું, કેશનું રેકર્ડ જોતાં તે હકીકત ર્નિવિવાદ છે કે, ભીમજીભાઈ નરશીભાઈ ઢેઢી સાથે સાયબર ફ્રોડ થયેલ હોય જે સાયબર ફ્રોડની રકમ પરત મેળવવા માટે ભીમજીભાઈએ અત્રેની અદાલતમાં ક્રિમીનલ ઈન્કવાયરી નંબર–૪૪૪/૨૦૨૩ થી અરજી દાખલ કરતાં સાયબર ફ્રોડની રકમ જે અલગ–અલગ બેંકનાં જુદાં–જુદાં બેંક એકાઉન્ટમાં ફ્રીઝ કરવામાં આવેલ હોય તે તમામ રકમ ભીમજીભાઈ નરશીભાઈ ઢેઢીનાં બેંક એકાઉન્ટમાં પરત જમા કરવા અંગેનો હુકમ તારીખ–૦૯/૦૯/૨૦૨૩ નાં રોજ મારા પુરોગામીશ્રી ધ્વારા કરવામાં આવેલ પરંતુ હાલની અરજદાર બેંક ધ્વારા રૂા.૪૦,૦૦૦/– ભીમજીભાઈનાં બેંક એકાઉન્ટમાં જમાં કરવામાં આવેલ નથી અને હાલના હુકમમાં ફેરફાર તથા સ્પષ્ટતા માંગતી અરજી દાખલ કરવામાં આવેલ છે. વધુમાં આ કામના અરજદાર દવારા બેંક એકાઉન્ટ નં.૯૧૭૦૧૦૦૮૨૧૩૧૭૯૩

માં અન્ય લીયન હોવાની હકીકત જણાવેલ છે જે પૈકી રૂ.૪૦,૦૦૦/- ની રકમ રીલીઝ કરવા સામે અત્રેની અદાલત દવારા તા.૦૯/૦૯/૨૩ ના રોજ હુકમ પણ કરવામાં આવેલ છે અને તે હુકમની જાણ સાયબર સેલ, ભાવનગર દવારા આ કામની અરજદાર બેંકને કરવામાં આવેલ છે તેમ છતાં અત્રેની અદાલતના હુકમનુ પાલન અરજદાર બેંક દવારા ૨૯ માસ ઉપરાંતનો સમય પસાર થવા છતાં કરવામાં આવેલ નહી હોવાનું જણાય છે વધુમાં અરજદાર તરફથી રજુ રાખવામાં આવેલ બેંક સ્ટેટમેન્ટ પરથી બેંક એકાઉન્ટ ૯૧૭૦૧૦૦૮૨૧૩૧૭૯૩ માં રૂા.૪૨,૫૩૯.૯૫ પૈસા જેટલુ બેલેન્સ હોવાનું સ્પષ્ટપણે જણાય છે તેમજ અરજદાર બેંક દવારા બીજા અન્ય લીયન હોવાનુ જણાવવામાં આવેલ છે તે રકમ ચુકવવા સબંધે વડોદરા કોર્ટની પર. ફો. અરજી નં. ૧૧૫૯/૨૦૨૩ માં હુકમ થયેલ હોવાનું જણાય છે પરંતુ તે હુકમ અન્વયે પણ હાલની અરજદાર બેન્ક ધ્વારા સંબંધીત ભોગ બનનારના ખાતામાં જમા કરવાની રકમ બેન્ક ધ્વારા જમા કરાવેલ હોવાનું જણાતુ નથી જેથી માત્ર અન્ય લીયન હોવાનુ જણાવી સાયબર ફ્રોડનો ભોગ બનનાર વ્યકિતના ખાતામાં નામદાર કોર્ટનો રકમ ચુકવવા અંગેનો હુકમ થયેલ હોવા છતાં સબંધીત વ્યકિતના ખાતામાં નાંણા જમા કરાવેલ નથી વધુમાં ક્રીમીનલ ઈન્કવાયરી નં. ૪૪૪/૨૩ ના કામે નામદાર કોર્ટ દવારા જે હુકમ કરવામાં આવેલ છે તેમાં રૂા.૪૦,૦૦૦/- ની રકમ ભોગબનનારના ખાતામાં ચુકવી આપવા અંગેનો સ્પષ્ટ હુકમ હોવા છતાં તે રકમ આજદીન સુધી ચુકવેલ નથી. વધુમાં સાયબર ફ્રોડની રકમ જે બેંક ખાતામાં ફ્રીઝ થયેલ હોય અને તેમાં એક થી વધારે લીયન હોય ત્યારે જે કોર્ટ દવારા સૌ પ્રથમ રકમ રીલીઝ કરવા અંગેનો હુકમ કરવામાં આવે તેની તરફેણમાં બેંક દવારા નામદાર કોર્ટના હુકમ મુજબ રકમ રીલીઝ કરવા અંગે તમામ બેંકો દવારા કાર્યવાહી કરવામાં આવે છે પરંતુ હાલની અરજદાર બેંક દવારા તે મુજબ કાર્યવાહી નહી કરી હુકમમા ફેરફાર તથા યોગ્ય સ્પષ્ટતા આપવા અંગેની માગણી કરવામાં આવેલ છે તેવી માગણી અદાલતનો જ્યારે વચગાળાનો અને સ્પષ્ટ હુકમ હોય ત્યારે કોઈપણ સંજોગોમાં ગ્રાહય રાખી શકાય નહી તે તમામ હકીકતો ધ્યાને લઈ અરજદારની અરજી ગ્રાહય રાખવાપાત્ર

જણાતી ન હોય ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ :-**

// અરજદારની હાલની ઈન્કવાયરી આથી નામંજુર યાને રદ્ કરવામા આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો

**તા.૧૩/૦૩/૨૦૨૬**
**સ્થળ-ભાવનગર.**

**(જોય સ્નેહલકુમાર મહેતા)**
**ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**
**ભાવનગર**
**CODE No.GJ01094**